## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮'' x ૧૨'' હાઇ રેઝોલ્યુશન ૩૦૦ DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર ભાવી ખત્રીની છે. એ પ્રોફેશનલ એક્ટ્રેસ અને મોડેલ છે. એમણે ગુજરાતી TV સીરિયલ્સ અને ગુજરાતી મુવીઝમાં કામ કર્યું છે.



## પ્રિય સન્નારી,





કેમ છો?

મજામાં છો?

સન્નારીઓ, જવાબદારી, ફરજ, કર્તવ્યપાલન આ બધા શબ્દો પ્રથમ નજરે ખૂબ જ પ્રેરણાત્મક લાગે છે પરંતુ આ શબ્દો જીવંત નથી કારણ કે એમાં અંદરના ઉમળકા કરતાં ફરજિયાતપણું અને શિસ્ત વધારે છે. નોકરી-ધંધો કે બહારની દુનિયામાં અને કંઇક અંશે પરિવારમાં પણ એની આવશ્યકતા છે પરંતુ જીવનનાં દરેક કાર્યો જવાબદારીથી ન નિભાવાય એમ દરેક ક્ષણોને પણ જવાબદારીના ભારથી કચડી ન શકાય. માણસનું કામ- પરસ્પરનું ઉત્તરદાયીત્વ અને પ્રતિબધ્ધતા જયારે જવાબદારીથી ઉપર ઊઠે છે ત્યારે એમાં લાગણી, રોમાંચ અને આનંદ ભળે છે. એ કામ થોડું અધૂરું, થોડું ખામીવાળું હોય તો પણ એ દિલને ગમે છે જયારે માત્ર જવાબદારીથી નિભાવાતાં કામ કે સંબંધો રસહીન, ભાવહીન અને હૃદયહીન હોય છે. એ પ્લાસ્ટિકનાં ફૂલોની જેમ શોભાના ગાંઠિયા જેવા લાગે છે. જેમાં સુંદરતા તો હોય છે પરંતુ સુવાસ નથી હોતી. જવાબદારીના ભારથી થતું કામ થાક અને તનાવ બંને વધારે છે. માત્ર જવાબદારી કામને કંટાળાજનક અને પરિણામવિહીન અને સંબંધોને ઔપચારિક અને ઉષ્માવિહીન બનાવી દે છે. એક ચંપલની ફેકટરીના માલિક ફેકટરીમાં એમનું કામ કઇ રીતે ચાલે છે એ જોવા માટે નીકળ્યા. પેકીંગનું કામ ખૂબ ઝડપથી ચાલી રહ્યું હતું. એક કર્મચારીએ ચંપલના બોક્સ પર લેબલ લગાવી બીજા કર્મચારી પાસે મોકલ્યું. બીજાએ એમાં એક ચંપલ મૂકી બોક્સ બંધ કરી આગળ મોકલ્યું. એ જોઇને માલિક અકળાયા. અરે! તમે શું કરો છો? આપણે જોડીમાં ચંપલ પેક કરવાની છે અને તમે બધાં એક જ ચંપલ કેમ મૂકો છો? કંપનીના મેનેજરે ગૌરવપૂર્વક જવાબ આપ્યો કે, ‘‘સર, અહીંનો કોઇ પણ કર્મચારી પગાર લઇને પોતાની જવાબદારીમાંથી છટકતો નથી પરંતુ આજે જમણા પગનું ચંપલ બોક્સમાં રાખવાવાળો રજા પર છે છતાં અમે અમારું કામ જવાબદારીથી કરીએ છીએ.’’ બોલો! આ રીતે જવાબદારીપૂર્વક કામ કરનાર કર્મચારી કંપનીનું દેવાળુ નહીં ફૂંકે? જવાબદારી એ યાંત્રિક પ્રક્રિયા બની રહે છે. જો એમાં સંવેદના, સમજણ, ઉત્સાહ અને પ્રેમ ન ભળે તો... માત્ર કામમાં જ નહીં સંબંધોમાં પણ શુષ્ક જવાબદારી જ હોય તો એ સંબંધમાં ભીનાશ ન હોય... અને ભીનાશ વિનાનો સંબંધ જીવનમાં પૂર્ણતાનો અહેસાસ ન થવા દે. આજે લોકો સાથે રહે છે, એકબીજાને મદદ કરે છે, સુખદુઃખમાં ઊભા પણ રહે છે છતાં ઘણી વખત સાથે રહેતાં લોકો સાથે જીવતાં હોય એવું લાગતું નથી. ઉપરથી દેખાતું પરફેક્ટ પિક્ચર અંદરથી ખવાયેલું હોય છે કારણ કે સંબંધોમાં જે વ્યવહાર થાય છે એમાં જવાબદારીની ભાવના વધુ છે. પત્ની ઘરકામ કરે છે, બાળકો સંભાળે છે. જોબ પણ કરે છે છતાં એ કંટાળતી નથી. થાકે છે પરંતુ બાળકના એક સ્મિત સાથે એની સ્ફૂર્તિ બેવડાઇ જાય છે કારણ કે એ પત્ની કે માતા હોવાની જવાબદારીને કારણે જ બધું નથી કરતી પરંતુ એમાં પ્રેમ છે, વાત્સલ્ય છે, સંતોષ છે તેથી એ રૂટિન હોવા છતાં એકવિધ નથી બનતું. જો કે જે સ્ત્રીઓ હૃદયના ઉત્સાહથી આ નથી કરતી તે ઝડપથી થાકે છે, કંટાળે છે, હતાશ બને છે. આજે અતિશય બિઝી રહેનાર પેરન્ટ્સ બાળકને સમય-સંસ્કાર અને વ્હાલ નથી આપી શકતા. તેથી તેઓ સગવડ અને સુવિધા આપીને પોતાની પેરન્ટ્સ તરીકેની જવાબદારી પૂરી કરે છે. મોંઘામાં મોંઘી વસ્તુઓની ગિફ્ટ આપે છે, બેસ્ટ સ્કૂલમાં મોકલે છે પરંતુ આ જવાબદારી સાથે સ્નેહ અને સંવેદનાનું સંયોજન કરવાનો એમને સમય નથી. તેથી બાળકને પેરન્ટ્સ પાસે જે મળે છે એનાથી એનું મન તૃપ્ત નથી થતું. એમની વચ્ચે ઇમોશનલ બોન્ડીંગ નથી બનતું. સંબંધોની ભીનાશ એમને સ્પર્શતી નથી. સઘળી સગવડ આપવાની જવાબદારી પાછળ ભાગવાને બદલે થોડો સમય સાથે સ્પેન્ડ કર્યો હોય, સાથે રમ્યાં હોય, મસ્તીમજાક કરી હોય તો સંબંધોનું રબર ખેંચાઇ નથી જતું. ઘણી વખત જવાબદારી હોય પણ એમાં ઉત્સાહ-જીવંતતા નથી જોવા મળતી. તેથી જે જવાબદારી નિભાવે છે એને અને જેના માટે નિભાવાય છે એ બંનેને એનો બોજ લાગે છે. અરે! તમે કોઇના માટે કંઇક કરો છો તો ખુશીથી કરો. એટલીસ્ટ જવાબદારી પૂરી કર્યા પછી ખુશ થાઓ. ખુદને શાબાશી આપો, જવાબદારી સાથે લાગણીને વ્યકત થવા દો. જવાબદારીના ભાર હેઠળ દબાયેલી, કચડાયેલી લાગણી- સેન્સ ઓફ હ્યુમરને બહાર પ્રગટ કરો. શુષ્ક જવાબદારી સામી વ્યકિતમાં અહેસાન અને ગિલ્ટ બંને જન્માવે છે. એ ખુદને બોજ સમજે છે. આનંદની અભિવ્યકિતનો અભાવ સંબંધોને સાવ ઔપચારિક બનાવી દે છે તેથી જવાબદારીનો એ બોજ ન બને એ રીતે નિભાવી એકવિધતાથી બચી શકાય. જવાબદારીની સાથે અન્ય એક સંયોજન સમજણનું પણ કરવું પડે કારણ કે જવાબદારીમાં સમજણ હશે તો એમાં ગાડરિયા પ્રવાહ જેવો ઉન્માદ નહીં હોય. જરૂરિયાત અને દેખાડા વચ્ચેનો ફરક સમજી અન્ય બાબતોને પણ પ્રાયોરિટી આપશે. એ માત્ર કરવા માટે નહીં દિલથી કરવું જોઇએ એટલા માટે કરશે. જે બંને પક્ષને આનંદ આપશે. બંને વચ્ચે તાદાત્મ્ય રહેશે. ટૂંકમાં જવાબદારીને કોઇના કહેવાથી નહીં, સ્વેચ્છાથી દિલથી નિભાવીએ, એને પ્રેમ અને લાગણી સાથે જોડીએ અને જવાબદારીમાં નિષ્ઠા અને લગન દ્વારા કવોલિટી જન્માવીએ... જીવનમાં કેટલી જવાબદારી નિભાવી એ નહીં પરંતુ કેવી રીતે નિભાવી એ પણ એટલું જ મહત્ત્વનું છે.

-સંપાદક